ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



વિજયી વિશ્વ ત્રિરંગા પ્યારા - સ્વાતંત્ર્ય પર્વની પ્રભાતે શહેરના રામકથા મેદાનમાં તાલુકા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ ઉલ્લાસપૂર્વક માહોલમાં યોજાયો હતો... રાષ્ટ્ર ધ્વજને સલામી અને સાંસ્કૃતિક અભિવ્યક્તિના કાર્યક્રમો યોજાયા હતા...

# કર્મચારીઓને શ્રાવણમાં દિવાળી

## સાતમા પગાર પંચની ભલામણોને કેબીનેટમાં મંજુરી : ઓગષ્ટનો પગાર સાતમા પગાર પંચ મુજબ

ગાંધીનગર, તા. ૧૬

શ્રાવણના તહેવારોમાં ગુજરાત સરકારના કર્મચારીઓને આનંદ આનંદ થઈ ગયો છે. સાતમા પગારપંચની ભલામણોને આજે કેબીનેટની મંજુરી મળતા ઓગષ્ટનો પગાર સાતમા પગાર પંચ મુજબ જ મળશે. પેન્શનર્સ માટે વાસ્તવિક અમલ ૧લી ઓક્ટોબર-૨૦૧૬થી થશે.

રાજ્ય સરકારે કેન્દ્રના ધોરણે રાજ્યના કર્મચારીઓને સાતમા પગાર પંચનો પગાર ૩૧મી ઓગષ્ટના પગારથી આપવાનો અને ૧-૧-૧૨૦૧૬ની અસરથી અમલ કરવાનો નિર્ણય લીધો છે. એરીયર્સ તબક્કાવાર ચૂકવવામાં આવશે.

રાજ્યમંત્રી મંડળની આજે મળેલી બેઠકમાં લેવામાં આવેલા નિર્ણય અંગેની વિગતો આપતાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે આજે કેબીનેટ બેઠકમાં રાજ્યના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે સાતમા પગાર પંચનો લાભ ૧-૧-૨૦૧૬થી આપવાનો નિર્ણય કર્યો છે.

તેમણે જણાવ્યું હતું કે ઓગષ્ટનો પગાર સાતમા પગાર પંચ પ્રમાણે ચુકવવામાં આવશે. અને ૧-૧-૨૦૧૬ થી અમલી કરવામાં આવેલ પગાર પંચનો છ મહિનાનુ એરીયર્સ તબક્કાવાર ચુકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું હતુ કે રાજ્ય સરકારે સાતમા પગાર પંચનો અમલ માટે પગાર ફીક્સેશન અને અન્ય વિસંગતતાઓ માટે રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષ પદે અધિકારીઓની એક કમિટીની રચના કરી છે જે સાતમા પગાર પંચની ભલામણોનો અભ્યાસ કરી અને કર્મચારીમંડળો સાથે રજુઆતો સાંભળી તેનો અહેવાલ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈના અધ્યક્ષપદે રચવામાં આવેલ મંત્રીઓની પેટા સમિતિને સોંપશે અને મંત્રીઓની કમિટિ આ અંગેનો અભ્યાસ કરીને યોગ્ય સમયે કેબીનેટ બેઠકમાં રજુ કરશે અને ત્યારબાદ કેબીનેટ બેઠકમાં તેને મંજુરી આપવામાં આવશે.


એરીયર્સના નાણા કઈ રીતે ચુકવાશે તેવા પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે એરીયર્સની રકમ તબક્કાવાર ચુકવાશે અને રોકડમાં ચુકવવા કે જી.પી.એફ.માં જમા કરાવવા એ અંગેનો નિર્ણય હવે પછી કરવામાં આવશે.

સાતમા પગાર પંચનો લાભ રાજ્યના કર્મચારીઓ પંચાયતના કર્મચારીઓ ગ્રાન્ટઈનએઈડ સંસ્થાના કર્મચારીઓ તેમજ પેન્શનરોને મળશે.

## રાજ્ય સરકાર ઉપર વાર્ષિક રૂ. ૮૫૧૩ કરોડનો બોજ

ગાંધીનગર, તા. ૧૬

સાતમા પગાર પંચના અમલને કારણે રાજ્ય સરકાર ઉપર વાર્ષિક રૂ. ૮૫૧૩ કરોડનો બોજો પડશે. આ અંગેની વિગતો આપતા રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે કર્મચારીઓના પગાર પાછળ રૂ. ૩૮૭૧ કરોડ, પેન્શનર્સ માટે ૧૩૬૧ કરોડ તથા જાન્યુઆરીથી ઓગષ્ટ સુધીના એરીયર્સ અંગે કર્મચારી માટે રૂ. ૨૨૫૮ કરોડ તથા પેન્શનર્સ એરીયર્સ ૧૦૧૧ કરોડ મળી કુલ રૂ. ૮૫૧૩ કરોડનો વાર્ષિક બોજો રાજ્ય સરકાર ઉપર પડશે.



પ્રધાનમંત્રી પ્રમુખસ્વામીના અંતિમ દર્શને : પરમ પૂજ્ય પ્રમુખસ્વામીના અંતિમ દર્શને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી મંગળવારે સવારે ૧૧ વાગ્યે સારંગપુર પહોંચ્યા હતા... ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ પ્રદક્ષિણા કરી હતી. ત્યારબાદ પ્રાર્થના સભામાં ઉપસ્થિત સંતોને સંવેદનામાં સુર પુરાવતા નરેન્દ્રભાઈ મોદી દ્રવિત થઈ ગયા હતા. આંસુને રોકવાના અશક્ય બનતા ૩૦ સેકન્ડ બાદ વક્તવ્ય આપ્યું હતું... પ્રમુખ બાપાને અંજલિ આપતા દ્રવિત સ્વરે મોદીએ સંતોને જણાવ્યું હતું કે આપ સૌએ ગુરૂ ગુમાવ્યા છે, મે પિતા ગુમાવ્યા છે... બાપાનો પિત્રુવાત્સલ્ય ભાવ મને હંમેશા મળ્યો છે એમ કહેતા પણ મોદી રડી પડ્યા હતા... આ ઉપરાંત જીવનના નોંધપાત્ર પ્રસંગોએ બાપાના આશીર્વાદને યાદ કરી ગુજરાત અને દેશને ન પુરી શકાય એવી ખોટ પ્રમુખસ્વામીના અવસાનથી પડી છે એમ તેમણે ઉમેર્યું હતું... શ્રી નરેન્દ્ર મોદીની સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ભારતીય જનતા પક્ષના વરિષ્ટ અગ્રણીઓ પણ શ્રદ્ધાંજલિમાં જોડાયા હતા.... અગાઉ લાલ કિલ્લા પર ધ્વજવંદન બાદ પ્રધાનમંત્રી વિમાન દ્વારા અમદાવાદ આવી પહોંચ્યા હતા... જ્યાં રાજ્યપાલશ્રીએ તેમનું સ્વાગત કર્યું હતું... અમદાવાદ વિમાનીમથકેથી હેલીકોપ્ટર દ્વારા સારંગપુર પહોંચતા મુખ્યમંત્રી અને સંતો દ્વારા પ્રધાનમંત્રીનું સ્વાગત કરાયું હતું.

## વિધાનસભાનું સત્ર પાંચ દિવસ કરવાની માંગણી કરતા વિપક્ષી નેતા

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત વિધાનસભાનું સત્ર પાંચ દિવસનું કરવા અને ઉનાકાંડ તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ચર્ચા કરવાનો એક એક દિવસ ફાળવવા અંગેની માંગણી વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કરી હતી.

એક પત્રકાર પરિષદને સંબોધતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ રાજ્ય સરકાર ઉપર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે મેં વિધાનસભા અધ્યક્ષને એક પત્ર લખીને સરકારને વિધાનસભાનું સત્ર બે દિવસના બદલે પાંચ દિવસનું કરવા માંગણી કરી છે.

તેમણે જણાવ્યું હતું કે ઉનામાં દલિતો પરના અત્યાચારની ઘટના અંગે પાટીદાર આંદોલન અને કાયદો વ્યવસ્થાની સ્થિતિની ચર્ચા એક એક દિવસ ચર્ચા માટે ફાળવીને ચર્ચા આપવી જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ બ્રહ્મલીન થયા છે. વિધાનસભા સત્રના પ્રથમ દિવસે પ્રમુખસ્વામી મહારાજનો શોકદર્શક પ્રસ્તાવ સરકાર રજુ કરે અને ત્યાર બાદ ગૃહની કાર્યવાહી એક દિવસ મોકુફ રાખે. સત્રના બીજા દિવસે રાજ્ય સરકારે સરકારી બીલો સહીત જે કામગીરી હાથ ધરવી જોઈએ તે લેવી જોઈએ.

## વિસ્થાપિતોની વસાહતમાંથી વધુ એક કોલેરા પોઝીટીવનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના ગોકુલપુરા વિસ્તારની નજીક આવેલ વિસ્થાપિતોની વસાહતમાંથી વધુ એક કોલેરાનો કેસ મળી આવ્યો છે.

૧૨ વર્ષીય દિકરીને કોલેરા પોઝીટીવ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પરીક્ષણમાં આવેલ છે. દિકરીને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે જ્યાં તેણીની તબિયત સારી જણાતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે.

આ વસાહતમાંથી એક જ સપ્તાહમાં આ બીજો કેસ મળતાં તંત્રએ અત્યંત ગંભીરતાથી સમગ્ર કામગીરીને વધુ સઘન બનાવી છે. મળતી વિગતો પ્રમાણે અહિ પાણીનો પુરવઠો પણ બંધ કરી અને ટેન્કરથી જ આપવામાં આવે તે માટે કડક તાકીદ કરી છે. એટલુ જ નહિ સર્વેલન્સને પણ સઘન બનાવવામાં આવ્યું છે.

આ દિકરીને ગઈકાલે કોલેરા પોઝીટીવ જણાયો હતો. આજે તેની તબિયત સુધારા પર હોવાનું જણાવતાં તંત્રએ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવ્યું છે.

પાણીના નમૂના જે પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે તેનો રિપોર્ટ પણ તાત્કાલિક મળી જાય તે માટે પાણી પુરવઠા બોર્ડને કહેવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરના સીમાડે આવેલ આ વસાહત આવેલી છે. અહિયાં સર્વેલન્સ સઘન બનાવાયા બાદ ત્યાં ઓ.પી.ડી. પણ શરૂ કરવામાં આવી છે.

## વિધાનસભા ગૃહમાં પ્રથમ દિને પૂજ્ય પ્રમુખસ્વામીનો અંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૧૬

વિધાનસભાનું સત્ર મળનાર છે ત્યારે સત્રના પ્રથમ દિને રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગૃહમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો શોખ પ્રસ્તાવ રજુ કરશે. આ અંગેની વિગતો આપતા રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે વિધાનસભાનું સત્ર ૨૨મીથી શરૂ થઈ રહ્યું છે. સત્રના પ્રથમ દિને રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો શોક દર્શક પ્રસ્તાવ રજુ કરશે અને શ્રદ્ધાંજલિ આપશે.

## ૨૩મીએ કોંગ્રેસની જનઆક્રોશ સભા યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

આગામી ૨૩મી ઓગષ્ટના રોજ રાજ્યની પ્રજામાં સરકારની નિષ્ક્રીયતા સામે પ્રવર્તતા રોષને વાચા આપવા માટે એક જનાક્રોશ સભાનું જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજન કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીની અધ્યક્ષતામાં તેમજ કોંગ્રેસના ધારાસભ્યોની ઉપસ્થિતિમાં પક્ષના આગેવાનોની આજે બેઠક પણ મળી હતી. આ બેઠકમાં પંચાયતોના ચૂંટાયેલા સદસ્યો તેમજ મહત્વના આગેવાનો હાજર રહ્યા હતા.

મળતી વિગતો મુજબ ૨૧મીએ આ બેઠકના આયોજનને આખરી ઓપ આપવામાં આવનાર છે. આ જનાક્રોશ સભામાં કયા મુદ્દાઓ લેવા, કોણ કોણ સંબોધશે સહિતની બાબતો પર ચર્ચાઓ ૨૧મીએ કરી આખરી ઓપ આપી દેવાશે.

### વાહ પ્રમાણિકતા...

## છાપા નાખતા મળેલ રૂ.૧૫ હજારનો મોબાઈલ ફોન પરત કર્યો!!!

ગાંધીનગર, તા.૧૬

પ્રમાણિકતા એ કોઈ વર્ગ કે વર્ણ આધારિત નથી હોતી કે નથી હોતી વ્યકિતની આર્થિક સ્થિતિ આધારિત. આ વાત ગાંધીનગરના એક છાપાના ફેરિયાએ સાબિત કરી છે. સે-૫ના રહેવાસી અક્ષય ડોડિયાએ તેમને મળેલ નવો નક્કોર રૂ. ૧૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન તેના માલિકને શોધી પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરું પાડયું છે. એટલું જ નહીં પરંતુ આ પોતાની ફરજ હોવાનું જણાવી મોબાઈલના માલિકે ઓફર કરેલ ઈનામની રકમને પણ વિનયથી ઠુકરાવી અદભૂત સેવાભાવનાનું પ્રેરણાત્મક દૃષ્ટાંત રજૂ કર્યું છે.

ગત બુધવારની રાત્રિએ જયારે તેઓ પોતાના બાઈક પર સે-૨૧માં ગોવર્ધનનાથજીની હવેલીથી પંચદેવ મંદિર તરફ જઈ રહ્યા હતા ત્યારે તેમને રસ્તા પરથી એક સેમસંગ કંપનીનો રૂ.૧૫ હજારની કિંમતનો નવો નક્કોર મોબાઈલ ફોન મળ્યો હતો. આ અંગે તેમણે રોડ સાઈડ પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓ તથા માટલા વગેરેનું વેચાણ કરતા વેપારીઓને જણાવી પોતાનો સંપર્ક નંબર આપી કહ્યું કે જો કોઈ મોબાઈલ ફોન શોધવા આવે તો મારો સંપર્ક કરાવજો. અંતે બે કલાક પછી તેમને માટલાના વેપારીએ જાણ કરી કે એક ભાઈ મોબાઈલ શોધતા

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૪માં અસામાજિક તત્વોનો આતંક ચાર વેપારીઓને ઢોર માર માર્યો

### નશામાં ચકચૂર બનેલા ત્રણ શખ્સોએ વેપારીને પાવડાના ધોકા વડે ફટકારી ગડદાપાટુનો માર માર્યો હતો : પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટર-૨૪માં અસામાજિક તત્વો અને બુટલેગરો બેફામ બન્યા છે અને સતત ભયનો માહોલ ઉભો કરી રહ્યા છે. જેથી સ્થાનિક વેપારીઓ અને દુકાનદારોમાં ભય અને દહેશતની લાગણી ફેલાઈ છે. બે દિવસ અગાઉ જ કેટલાક નશામાં ચકચૂર બનેલા અસામાજિક તત્વોએ વેપારીઓ સાથે ગાળાગાળી કરી પાવડાના ધોકા વડે ચાર જેટલા વેપારીઓને ઈજાઓ પહોંચાડી હતી જેથી વેપારીઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ પ્રકારની ઘટનાને લઈ વેપારીઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ બનાવ અંગે ભોગ બનેલા વેપારીઓએ પોલિસમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેકટર-૨૭ આનંદનગર સોસાયટી પ્લોટ નં. ૧૬૧ ખાતે ૫૬ન વર્ષીય ચુનિભાઈ છપનભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને સે-૨૪ ગુરુકૃપા કોમ્પ્લેક્ષમાં ડી.કે. કમ્પ્યુટર નામની દુકાન ધરાવે છે. ત્રણેક દિવસ અગાઉ મોડી સાંજે ૯ વાગ્યાની આસપાસ લાલભાઈ ભટ્ટ નામનો શખ્સ કોમ્પ્લેક્ષમાં સીડી ચઢી ઉપર જતો હતો જેથી તેની પુછપરછ ચુનિભાઈએ કરી હતી અને લાલભાઈ નશામાં ચકચૂર હતો જેથી તેને ઉપર જવાની ના પાડી હતી.

આ વાતની અદાવત રાખી બીજા દિવસે સાંજના સમયે લાલભાઈ ભટ્ટ તથા અન્ય બે શખ્સો અભી અને રાઈડર એમ ત્રણેયે ભેગા મળી ચુનિભાઈને ગાળા ગાળી કરી ગડદા પાટુનો માર માર્યો હતો. આ માથાકુટ જોઈ આસપાસના વેપારીઓ દોડી આવ્યા હતા અને ચુનિભાઈને બચાવવા વચ્ચે પડયા હતા. ત્યારે ત્રણેય શખ્સોએ પાવડાના ધોકા વડે તમામ ચારે ચાર વેપારીઓને ફટકાર્યા હતા અને ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને નાસી છૂટયા હતા. આ માથાકૂટમાં ચુનિભાઈને ઈજાઓ ગંભીર જણાતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

આરોપીઓએ વેપારીઓને પોલીસમાં ફરિયાદ ન કરવા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આથી ભયભીત બનેલા વેપારીઓમાં અસામાજિક તત્વો વિરુધ્ધ રોષ જોવા મળ્યો છે. વેપારીઓએ આવા તત્ત્વો સામે કાર્યવાહી કરી પગલા લેવા જિલ્લા પોલિસવડા અને સ્થાનિક ધારાસભ્યને લેખિતમાં રજુઆત કરી છે. અને જો પગલા નહી લેવાય તો વેપારીઓને આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

## અહેમદ પટેલ, અડવાણી, અમીત શાહ સારંગપુર પહોંચશે

ગાંધીનગર, તા.૧૬

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અંતિમ દર્શન માટે કોંગ્રેસના આગેવાનો સાંસદ અહેમદ પટેલ, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલ, પૂર્વ પ્રદેશ પ્રમુખ સિદ્ધાર્થ પટેલ, પ્રદેશ મહામંત્રી નિશીથ વ્યાસ સહિતના આગેવાનો સારંગપુર જવા રવાના થયા. તેઓ આવતીકાલે અંતિમવિધિમાં પણ હાજરી આપવાના છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી અમીત શાહ પણ સવારે નવ વાગ્યે સારંગપુર પહોંચશે. સાંસદ એલ.કે. અડવાણી, કેન્દ્રમંત્રી સુરેશ પ્રભુ પણ સવારે સારંગપુર પહોંચશે.

સોળમી વાર્ષિક પૂણ્યતિથિએ
શ્રધ્ધાંજલિ



અ.સૌ.સ્વ. નર્મદાબેન ઘનશ્યામભાઈ સોની
સ્વ.તા.૧૭-૮-૨૦૦૧
મહાન છે આ માં વેઠે છે,
તકલીફ આ માં,
અક્ષર એક જ છે, માં,
પણ બહુ જ મોટું છે નામ માં,
એક જ વાર મળે છે આ માં,
નથી કોઈ જ મોટું આ માં થી..
માટે આ માં ને છે પ્રણામ
સોની જગદીશકુમાર ઘનશ્યામભાઈ (પુત્ર)
સોની સોનલબેન જગદીશભાઈ (પુત્રવધુ)
સોની તન્વી જગદીશકુમાર (પૌત્રી)
સોની ગ્રેવિશા જગદીશકુમાર (પૌત્રી)
તન્વી-ગ્રેવિશા પિક્ચર્સ પ્રા.લિ. - મીનાક્ષી ગોલ્ડ ફાયનાન્સ
Ghanshyam Jewellery Pvt. Ltd.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com